શ્રી પરમાત્મને નમોનમઃ

દલસુખ, અકળકળા.

રચી પ્રસીદ્ધ કરનાર.

વ્યાસ દલસુખરામ, દલપતરામ,

જીલ્લે-અમદાવાદ. તાલુકે-પ્રાંતીજ. મુ.-મોડાસા.

ઠે. સોનીવાડામાં

108

॥ દોહરા. ॥

વાતે વડાં ન નીપજે, કર્યા વીણ કામ ન થાય;
ભાણે ભરે પકવાન તું, ખાધેથી ભુખ જાય.

અમદાવાદ—" સત્યવિજય પ્રીન્ટિંગ પ્રેસ "માં
શા. સાંકળચંદ હરીલાલે છાપી.

આવૃતી ૧ લી. પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪.

કીંમત. અમુલ. (ફ્રી)

દલસુખ અકળકળા.

આ દુનીયામાં શું છે સાચું, જીવરાજ જોતાં પેઠા;
પરીણામે પાછળ પસ્તાઈ, સાર શબ્દમાં જઈ બેઠા. ॥૧॥

પાંચ પચીસ ચોર, સોર કરી, સંતાવા સર્વે લાગ્યા;
જાણ્યું આજે ઝલાઈ જૈશું, કાયર થઇને તે ભાગ્યા. ॥૨॥

સમરથ યોદ્ધા સટકી નાઠા, દાવ આજ કંઇ નહી ફાવે;
સમ દમ સમતા શાંતી બાઇ, સંતોષરાય સાથે આવે. ॥૩॥

ક્રોધ ભાઈનુ કામજ કથલ્યું, લોભ ભાઇની રાંડ મરી;
લાલચ બાઈ અટકીને ઉભાં, નાથ જોતાં નારી ઠરી. ॥૪॥

દયા બાઈ તો દોટજ કહાડી, દોડીને ઘરમાં પેઠાં;
કુટુંબ કબીલો મળ્યાં એકઠાં, ભાળીને ભેગાં બેઠાં. ॥૫॥

ધીરજ બેન ધીરે રહી બોલ્યાં, શાંતી બેન આજ સુખ થયું:
પરવૃત્તિથી પીયર પડયાંતાં, આજ આપણું દુઃખ ગયું. ॥૬॥

સ્વામીનાથે સંગજ મુકયો, પરવૃત્તિ પીયર કહાડી;
રંગ મ્હેલમાં રંગ રમીશું, સ્વામી સંગ દાડી દાડી ॥૭॥

ઘણા દીવસથી હતા ગબાળા, આજ તે ટંઠા ભાગ્યા;

સાલ હતું તે ગયું સોકયનું, ભવીષ હવે રૂડા જાગ્યા. ॥૮॥
નાથ સાથે નેહ ધરીને, સંપ કરી સદા વસવું;
પર પુરૂષની પ્રીત ન કરવી, દુષ્ટ દેખી દૂર ખસવું. ॥૯॥
રાત દીન રહેવું રે'ણીમાં, કંથ તણું કહ્યું કરવું;
આઠ પોર ચર્ણની સેવા, ધ્યાંન ધણીનું તે ધરવું ॥૧૦॥
સ્વામી સંગે સામું બોલે, કામની કચ્ચાસ ગણો;
ભામનીમાં ભૂલજ મોટી, માનુની મુરખ ભણો. ॥૧૧॥
પતિરૂપ પરમેશ્વર કહીએ, દેવ બીજો કોઈ નથી;
કંથ સેવા કલ્યાણકારક, સંત શાસ્ત્ર કહે કથી. ॥૧૨॥
પતિ મંદીર પેલું પુજીને, દેવ મંદીરે પછી જવું;
દાન દયા દીનના રાખેથી, હરીરૂપ હમેવ થવું. ॥૧૩॥
સ્વાંમી સંગ સૂરતા રાખીને, આજ્ઞાથી અનુસરવું;
કામકાજ કંઈ પડે કંથનું, નમ્ર વચનથી ઊચરવું. ॥૧૪॥
એજ ધર્મ અબળાને કાવે, બીજે જાતાં દુઃખ નડે;
કંથનું જે કહ્યું કરે નહી, નરકે નારી તેજ પડે. ॥૧૫॥
સત વચન સ્વામીનું સુણી, હેત ધરી મનમાં ભાવ્યા.
સંત મંડળ સર્વ બેઠું છે, સદગુરૂ સાંમા આવ્યા. ॥૧૬॥
જીવરાજ જોતામાં ઊઠયા, અખંડ પદનુ માંન આપે;
બુદ્ધિ બાજઠપર બેસાડી, પુજન કરવા મન વાપે. ॥૧૭॥

જ્ઞાન ગંગા પોકારીને, નેહ ધરીને નવડાવે;
કાયક વાયક મંન મુકીને, રહ્યો એક નીરમળ દાવે ॥૧૮॥

ચીત્તનું ચંદન અરચીને, પ્રેમ પુષ્પનો હાર કર્યો;
મંન મોગરાની કળીયે ગુંથી, ગુરૂજીની કોટે ધર્યો. ॥૧૯॥

પ્રીતીરૂપી પરણાઈયામાં, સાચા દલનો દીવો કરે,
અક્ષય નામના અખેત ચોડી ઝંખનાનો ધુપ ધરે ॥૨૦॥

વિવેક રૂપનાં વડાં બનાવ્યાં, કરમ રૂપ કંસાર કરે;
ધરમ રૂપનો શીરો શેકે, દીવસ જોતાં ઝટ ફરે. ॥૨૧॥

ચતુરાઈનું ચુરમું બનાવ્યું, માયાની માંધી ધારી;
જીવરૂપની કરી જલેબી, જુક્તી જો જયેછે સારી ॥૨૨॥

કાયારૂપ કળીનો લાડુ, ત્રણ ગુણમાં તે તરીયો;
મરવૃત્તીના પાપડ શેક્યા, દુર નથી જોતાં દરીયો. ॥૨૩॥

ચીંત્તા બાઈની ચટણી બનાવી, ફીકર બાઈનો ફજેતો;
મમતા બાઈની મેવા લાવસી, ભૂખ લાગે હું જમતો ॥૨૪॥

ગુણનાં ઘેબર બનાવ્યાં, ભાવનાં ભજીયાં તાજાં;
ખટશાસ્ત્રનાં, ખમણ ઢોકળાં, ચાર વેદ કરીયાં ખાજાં. ॥૨૫॥

પુરાણના પેંડા બનાવ્યા, ખાય તેની ભૂખ જસે;
સમજીને સત ગુરૂ શેવે, સંશય તેનો, દુર થશે. ॥૨૬॥

ઘટમાં ગંગા ઘટમાં કાશી, મંન મથુરામે નિશ્ચય કરો.
ચીત્રકોટકે ઘાટે આવે, પુરણુપદ પોતેજ ઠરો, ॥૨૭॥

જન્મ મરણુની જુક્તી જાણો, નાશવંતને શું નરખો;
સત ચીત્ત આનંદ છે પરમાનંદ, આતમ રૂપ સૌમાંસરખો.॥૨૮॥

સાંભળવાથી સુખ થવાનું, વાંચીને વિચાર કરો;
પલ એકમાં પાર ઊતરે, શીખામણુ ચાલે જે ખરો. ॥૨૯॥

જક્ત કારણુ તત્વ તારણુ, ખલકમાં ખોળી કાડયું;
અર્વંતજીને ગુણુ આ ગાજ્યો, જાહેર જગમાં બ્હાર પાડયું. ॥૩૦॥

ભુલ ચુકની માફી માગું, સંત ચરણે જઇ ઠરજ્યો.
કાલાવાલા કરૂ કરગરી, શીખામણુ મનમાં ધરજ્યો. ॥૩૧॥

અમદાવાદ જીલ્લામે કાવે, મોડાસા મુજ ગામ ખરૂં;
દેહ નામ દલસુખ કહે છે, સત્ત ગુરૂ સ્મરણુ કરૂં. ॥૩૨॥

સમાપ્ત.

દલસુખ કૃત્ત કીરતંન માળા.

પદ. ॥ ૧ ॥

પ્રભુની સ્તુતિ.

હેતે સુણો, અરજી હરજી;
મળવા તમને, મારી મરજી. ॥૧॥
જાત ભાત, જોસો નહી મારી:
વ્હાલા તમપર જાવું વારી. ॥૨॥
ચર્ણ કમળમાં, ચીત્ત પરોવું;
વારે વારે, સનમુખ જોવું. ॥૩॥
ખરા મંનથી, નેહ ધરૂં છું;
જોવા જીવણ, તમને ફરૂં છુ. ॥૪॥
સબંધ સાચો, એ અલબેલા;
દરશન દેવા, આવો વ્હેલા. ॥૫॥
હું રંક આપ છો, રાજા;
ઊઘાડો અંતર દરવાજા. ॥૬॥
મળો મને તો, માહસુખ પામું;
જુવો દયાળુ, દાસના સામું. ॥૭॥
બેટા ભાવે, દુઃખડાં જાવે;
દલસુખ તારા ગુણુજ ગાવે.

॥ પદ ॥ ૨ ॥

રાગ ઓખાહરણનો: કુંતાજી તવ બોલેરે. રાગ છે.

પરમેશ્વર મળીયા પ્રેમેરે, રહીસુ કુશળ;
ક્ષેમેરે, મરવાનો તો, બે મનમાં મટી ગયોરે. ॥ ૧ ॥

જોગી જોગજ ગાવેરે, ધ્યાની ધ્યાંન લગાવેરે,
ભવસાગરમાં દીઠા, ભોગી ભમતારે. ॥ ૨ ॥

મુની મનમાં નાંણેરે, જુની વાતો જાંણેરે,
સમશ્યામાં સમજ્યો હું, સાચા સંતનેરે. ॥ ૩ ॥

સીરગુણ નીરગુણ સારૂરે, સમજે ટળે અંધારૂરે,
બચવાનુ બારૂ ગુરૂના હાથમાંરે. ॥ ૪ ॥

દેવ દયાળુ દાતારે, માંન્યા મેં જગ ત્રાતારે,
કૃપા કરીને કુંચી કેવળ પદનીરે. ॥ ૫ ॥

વીશ્વમાં વખાણુંરે, અંતરમાં હું નાંણુરે,
જાંણું મઝેથી મહાસુખ પામ્યોં મનમાંરે. ॥ ૬ ॥

કામ ક્રોધને તોડેરે, છળ ભેદને છોડેરે,
મોહ લોભને મારે, અનુભવ ભીકલોરે. ॥ ૭ ॥

જીવ શીવ એક જાતરે, આતમની જો નાતરે,
શીવ શક્તીથી સંસાર શોભી રહ્યોરે. ॥ ૮ ॥

જાત ભાત ના જોઇએરે, રામ દેખીને મોહીએરે,
કીરતારની કાયામાં, કારીગરીરે. ॥ ૯ ॥
પડે હુ ભ્રમમાં ડેરે, છું મસીદમાં ડેરેરે;
પારસનાથમાં પડે હું બેસી રહ્યોરે. ॥ ૧૦ ॥
મત કદી ના તાણોરે; પંડમાં પીછાણોરે,
જાંણવાનું હતું તે જાંણી ગયોરે. ॥ ૧૧ ॥
નાગો હું તો આવુંરે; નાગો હું તો જાવુંરે,
નાગાનો વાધો દલસુખે પેરીયોરે. ॥ ૧૨ ॥

પદ ॥ ૩ ॥ ત્રીજું.

સ્વાદમાં ભુલ્યો તુ શામળો; હરી હરી,
સ્વાદમાં ભૂલ્યો તુ શામળો. ॥ ટેક ॥
કામની વાત તે કાનમાં ઉતારજે,
મુકી દે મંનનો ભાંમલો, હરી હરી. સ્વા૦ ॥ ૧ ॥
ખોટી ખટપટ ઝટપટ મુકજે,
ઓઢે સીદ કાળો કાંબળો— હરી હરી. સ્વા. ॥ ૨ ॥
કહી કહી થાકયા કહ્યું ના માંને,
મુકે ના મંનનો આંબળો— હરી હરી. સ્વા. ॥ ૩ ॥

સત્તચીત્ત આનંદ આતમ અરૂપી,
થઇ જા થીર રૂપ થાંભલો— હરી હરી. સ્વા. ॥ ૪ ॥
અતોલ અમુલખ બોલુ તે બોલ છે,
સમજી દલસુખ ઝટ મલો. હરી હરી. સ્વા. ॥ ૫ ॥

॥ પદ ॥ ૪ થાનું.

પ્રેમનું જડયું પટારૂં, મહારાજ મને પ્રેમનું જડયું પટારૂ ॥ ટેક ॥
અજબ ખેલ છે એનો અવનીમાં,
શુદ્ધ મંન થઇ ગયું સારૂં. મહારાજ મને ॥ ૧ ॥
દીલમાં દરશન દીઠાં અનાદી,
સુખરૂપ સદા છે સારૂ— મહારાજ મને ॥ ૨ ॥
નીરખી રહ્યો છું નાથ નીરંજન,
દૂર થયું માયા લારૂ— મહારાજ મને ॥ ૩ ॥
ત્રણુ ગુણુમાં સૌ તણાઇ મરે છે,
મીથ્યાનું સુખ લાગે ખારૂ— મહારાજ મને ॥ ૪ ॥
ચેતન વાલા ચેતી લે ચીત્તમાં,
દલસુખ દલમાં ધારૂં— મહારાજ મને ॥ ૫ ॥

॥ સાખી ॥

પ્રેમ વિના પ્રીતિ કરે; ટકે નહી તલભાર,
ધૂળપર લીંપણુ કરો, રહે કેટલી વાર.
હસસુખ દલ વિચારતાં; ટળે શોક સંતાપ,
મન મૂરખાને મારતાં, અંત્તર પ્રગટે આપ.

॥ પદ ॥ ॥ ૫ ॥ પાંચમું.

ઘેલી કરીરે, ઘેલી કરી, એ રાગ છે.
મઝા પડીરે; મઝા પડી,
ગુરૂ પ્રતાપે આનંદ ઘડી. ॥ ટેક ॥
ગુરૂ ગોવીંદ એક સ્વરૂપ છે,
નમન કરૂ હું પાય પડી. ગુરૂ પ્રતાપે. ॥ ૧ ॥
અખંડ રૂપનો આનંદ મારે,
સ્નેહ સાંકળ સજ્જડ જડી. ગુરૂ. ॥ ૨ ॥
માયાનું મૂળીયું ચૌદ ભોવનમાં,
ત્રીલોકમાં પણ તડાતડી, ગુરૂ. ॥ ૩ ॥
જગ જતું રહ્યું જાગીને જોતાં.
હરીને ભેટવા કાહાડી હડી— ગુરૂ. ॥ ૪ ॥
સંતોષ રૂપથી સ્મરણ મારે,
રૂડી રમત એ હાથે ચડી. ગુરૂ. ॥ ૫ ॥

મ્હારની વાસના બાળીજ દેતાં,
મટી ગઈ મંન ધડા ધડી. ગુરૂ. ॥ ૬ ॥
દલસુખ સુખ ત્યાં ઝળકી રહ્યું છે,
વરસે સોનૈયે મેવલે ઝડી. ગુરૂ. ॥ ૭ ॥

॥ પદ ॥ ॥ ૬ ॥ છઠું.

॥ સાત વારની આરતી. ॥

રવિએ શ્રીરઘુનાથ; જે જે રવિએ શ્રીરઘુનાથ;
કીંકર હું છું સદાનો, હરિ પકડો મુજ હાથ, જે જે શ્રીરઘુનાથ. ॥ ૧ ॥
જે જે સોમે લ્યો સંભાળ, જે જે સોમે લ્યો સંભાળ;
મોહ લોભ નીવારો, ઉઘડે કર્મ કપાળ. જે જે શ્રીરઘુનાથ. ॥ ૨ ॥
મંગળે માહ સંકટ; મારૂ તમે કાપો, પ્રભુ મારૂ તમે કાપો.
દાન દયા ને દીનતા દલમાં મને આપો. જે જે શ્રીરઘુનાથ. ॥ ૩ ॥
બુદ્ધે બહુ નામી, જે જે બુદ્ધે બહુ નામી;
સર્વમાં છો વ્યાપક કહુંછું કરનામી. જે જે શ્રીરઘુનાથ. ॥ ૪ ॥
ગુરૂએ ગુણ ગોવીંદ; જેછે ગુરૂએ ગુણ ગોવીંદ;
પાપ તાપ ત્રી ટાળો, કાપો ફોગટ ફંદ. જે જે શ્રીરઘુનાથ. ॥ ૫ ॥
શુકરે સુખના શ્યામ; જે જે શુકરે સુખના શ્યામ,
રામકૃસ્ન એક રૂપ, અનેક ધરીગાં નામ. જે જે શ્રીરઘુનાથ. ॥ ૬ ॥
શનીએ સાય કરો; જે જે શનિએ સાય કરો,

રાંકનો વાંક ન જોશો, અરજી ઉર ધરો. જે જે શ્રીરઘુનાથ. ॥ ૭ ॥
આરતી સાતે વાર; આનંદે ગાસે જે જે આનંદે ગાસે,
દલસુખ વ્યાસની વાંણી રેણી સુખ થાશે. જે જે શ્રીરઘુનાથ. ॥ ૮ ॥

॥ સમાપ્ત ॥

॥ છપ્પો ॥ ૧ ॥

લેજે રૂડો લાભ; ગુણ ગોવીંદના ગાઇને,
લેજે રૂડો લાભ, દીલમાં ડાહ્યા થઈને;
લેજે રૂડો લાભ; ચોકસ ચીત્ત ધરીને,
લેજે રૂડો લાભ, ધર્મનાં કામ કરીને.
અવસર ચુકયા જે જનો, તે પાછળ પસ્તાય છે,
દલસુખ મન સમજાવતાં, વસ્તુરૂપે થાય છે.

॥ સાખી ॥

ચીત્તમાં ચીંત્તા ના કરો, ચીંત્તા તજી ચીત્ત ચા;
દલસુખ દેહ દુલભ ગણી, ગુરૂતણા ગુણ ગા.
મનુષ જન્મ મોંઘો મણી, સમરથ સરજહાર;
તે તુજમાં વ્યાપી રહ્યો, દલસુખ તુજ કીરતાર.

છપ્પો ॥ ૨ ॥

કેછે દલસુખ વ્યાસ, આશ મારે છે એની,
કેછે દલસુખ વ્યાસ; ભજે તો ચીંત્તા શેની.
કેછે દલસુખ વ્યાસ, કયાસ કરીને મનમાં,
શોધો થાસે સુખ; હરીતો હરીના જનમાં.
ભક્ત પાસે ભગવંત છે, રક્ષા કરવા રામજી,
દલસુખ સંતને શેવતાં, ઠરવાનો ત્યાં ઠામજી.

છપ્પો ॥ ૩ ॥

કેછે દલસુખરામ; કામ કૃસ્નનું કરૂંછું;
ગામ ગામને ઠામ, ભજન ભાવે કરૂંછું.
ધર્મ તણો ઉપદેશ, પરમારથ સ્વારથ સારૂ,
સોનીવાડે મુકામ, ગામ મોડાસા મારૂ.
ધધો ધંન આપે ધણી, ભજંન રૂડાં છપાય છે
નામું લીધું જે શેહેરનું, ત્યાં મફત અપાય છે.

જાહેર ખબર.

હાલ મુકામ અમદાવાદ જુની પોષ્ટ ઓફીસ પાસે ભટ. મોહનલાલ સદારામની વીશીમાં.